**તાપમાન**
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૧૯ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૫૧ | ૨ મે, ૨૦૧૬, સોમવાર ; ચૈત્ર વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## નરેન્દ્ર મોદી ૨૦૨૪ સુધી વડાપ્રધાન રહે એવી ૭૦ ટકા પ્રજાની ઇચ્છા



નવીદિલ્હી,તા. ૧

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા સર્વેમાં એવી બાબત નિકળીને સપાટી ઉપર આવી છે કે, દેશના ૭૦ ટકા લોકો હજુ પણ વડાપ્રધાન તરીકે મોદી ફરી ચૂંટાઈને આવે તેવી ઈચ્છા રાખે છે. નવા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે, લોકોની ઈચ્છાની ટકાવારીને જોતા સાફ શબ્દોમાં કહી શકાય છે કે, મોદી લહેર હજુ પણ અકબંધ છે અને વિરોધ કરનાર પાર્ટીઓના આક્ષેપો બિનજરૂરી દેખાઈ રહ્યા છે. દેશના મોટી સંખ્યામાં લોકોનો એવો પણ અભિપ્રાય છે કે, વડાપ્રધાન તરીકે તેમની કામગીરી ઘણી સારી રહી છે. ૬૨ ટકા જેટલા લોકો તેમના પરફોમન્સથી પણ સંતુષ્ટ છે. ૭૦ ટકા લોકો ઈચ્છે છે કે, મોદી ૨૦૨૪ સુધી દેશના વડાપ્રધાન તરીકે રહે. સેન્ટર ફોર મિડિયા સ્ટડી દ્વારા કરવામાં આવેલા સર્વેમાં દાવો કરવામાં આવ્યો છે કે, ૬૨ ટકા લોકો તેમના કામથી બિલકુલ સંતુષ્ટ દેખાઈ રહ્યા છે. જો કે, ૫૦ ટકા લોકો એમ પણ માને છે કે, વડાપ્રધાન તરીકેની જવાબદારી મોદીએ સંભાળી લીધા બાદથી સ્થિતિમાં કોઈ વધારે ફેરફાર થયો નથી.

# બિન સબસિડીવાળા રાંધણગેસમાં ભાવ વધારો

### બિન પીડીએસ કેરોસીન, એટીએફની કિંમતમાં પણ વધારો : પેટ્રોલ ડિઝલમાં ભાવ વધારો કર્યાના એક દિન બાદ વધુ એક આકરો નિર્ણય વિમાની ભાડા વધી શકે : ક્વોટા બાદના એલબીજી સિલિન્ડર વધારે મોંઘા



નવી દિલ્હી, તા.૧

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો ઝીંકવામાં આવ્યા બાદ હવે બિનસબસિડીવાળા રાંધણગેસ, બિન પીડીએસ કેરોસીન અને એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (એટીએફ)ની કિંમતમાં પણ આજે જંગી વધારો ઝીંકી દીધો હતો. વૈશ્વિક પ્રવાહને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગઈકાલે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો હતો. તેના એક દિવસ બાદ જ આજે બિનસબસિડીવાળા એલપીજી, કેરોસીન અને એટીએફની કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે.

શનિવારે મોડીરાત્રે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં વેટ અને સેલટેક્સ સિવાય ક્રમશઃ ૧.૦૬ રૂપિયા અને ૨.૯૪ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. નવા ભાવ તાત્કાલિક ધોરણે અમલી બની ગયા છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન દ્વારા આજે આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. નવી કિંમતો મુજબ પાટનગર દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૬૧.૧૩ રૂપિયાથી વધીને ૬૨.૧૯ રૂપિયા થઈ ગઈ છે જ્યારે ડિઝલની કિંમત ૪૮.૦૧ રૂપિયાથી વધીને ૫૦.૯૫ રૂપિયા થઈ ગઈ છે. આ અગાઉ ૧૬મી એપ્રિલના દિવસે પેટ્રોલની કિંમતમાં ૭૪ પૈસા અને ડિઝલની કિંમતમાં ૧.૩૦ રૂપિયાની કિંમતમાં ઘટાડો કરાયો હતો. પેટ્રોલ ડિઝલની કિંમતો તથા ડોલરની સરખામણીમાં રૂપિયાના એક્સચેંજ રેટને ધ્યાનમાં લઈને પેટ્રોલિયમ પેદાશોની કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે.

## ગરીબો માટે ફ્રી એલપીજી ગેસ કનેક્શન યોજના લોન્ચ કરાઈ

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બલિયામાં મહત્વકાંક્ષી યોજના લોંચ કરી : પ્રથમ વર્ષે ૧.૫ કરોડ ગેસ કનેક્શન



બલિયા, તા.૨૪

ગરીબીરેખાની નીચે જીવી રહેલા પરિવારોને મફત સ્થાનિક રાંધણગેસ કનેક્શન ઉપલબ્ધ કરાવવા સાથે સંબંધિત ઉજ્જવલા યોજના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બલિયામાં લોંચ કરી દીધી હતી. મફત ગેસ કનેક્શનની યોજના લોંચ કરતા મોદીએ પોતાને મજુર નંબર વન તરીકે ગણાવીને અનેક મુદ્દા ઉપર વાત કરી હતી. પોતાને શ્રમિક નંબર વન તરીકે ગણાવીને મોદીએ મજુરોના કલ્યાણ માટે તેમની સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી શ્રેણીબદ્ધ યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો. મે દિવસના પ્રસંગે આ યોજના શરૂ કરવામાં આવી છે.

મોદીએ અગાઉની સરકારો ઉપર ગરીબો માટે ખુબ ઓછું કામ કરવા બદલ ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે, અગાઉની સરકારો દ્વારા બનાવવામાં આવેલી નીતિઓ ગરીબોના કલ્યાણને ધ્યાનમાં લઈને તૈયાર કરવામાં આવી ન હતી. માત્ર મતબોક્સને ધ્યાનમાં લઈને યોજના તૈયાર કરાઈ હતી. મોદીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, જો ગરીબોને શક્તિ મળશે, સંશાધન મળશે અને તક મળશે, શિક્ષણ, રોજગારી, આવાસ, પીવાના પાણી, વિજળી જેવી સુવિધા મળશે તો જ ગરીબી નાબૂદ થશે. ગરીબી નાબૂદી માટે અગાઉની સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી નીતિઓ સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા.

# ઓગષ્ટા પ્રકરણે ચોથીએ માહિતી જાહેર કરાશે

### સોદાબાજી અંગે દસ્તાવેજ સહિત તમામ વિગત અપાશે : પારિકર : હેલિકોપ્ટર સોદાબાજીને લઇને ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જોરદાર ખેંચતાણ હાલમાં જારી રહે તેવા એંધાણ

નવી દિલ્હી, તા.૧

વીવીઆઈપી હેલિકોપ્ટર લાંચ કોંભાડમાં હાલમાં ગરમી શાંત થાય તેવી કોઈ શક્યતા દેખાઈ રહી નથી. કારણ કે સરકાર પણ નવી નવી વિગતો પુરી પાડવા માટે કમર કસી ચુકી છે. કોંગ્રેસ પર ભીંસ વધારી દેવા માટેની આ રણનિતી તૈયાર કરવામાં આવી છે. આજે સવારે સંરક્ષણ પ્રધાન મનોહર પારિકરે કહ્યુ હતુ કે ચોથી મેના દિવસે સંસદમાં તેઓ ઓગષ્ટા વેસ્ટલેન્ડ સમજુતી અંગે તમામ દસ્તાવેજ સહિત તમામ વિગતો પુરી પાડવાની તૈયારીમાં છે. પારિકરે કહ્યુ છે કે અનેક વીવીઆઇ લોકો સડોવાયેલા છે. અહેમદ પટેલનુ નામ પણ સપાટી પર આવી ચુક્યુ છે. એક પરિવારનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરિવાર અંગે માહિતી આપવામાં આવી નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઈટાલીના વડાપ્રધાન મેટ્ટેઓ વચ્ચે કોઈ સમજુતી થઈ છે કે કેમ તે અંગે પુછવામાં આવતા પારિકરે કોઈ ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો અને કહ્યુ હતુ કે નાણાં પ્રધાન અરૂણ જેટલી પહેલા જ રાજ્યસભામાં નિવેદન કરી ચુક્યા છે. સીબીઆઈ દ્વારા આ કેસના સંદર્ભમાં હજુ સુધી ૧૦૦ લોકોની પુછપરછ થઈ ચુકી છે. અત્રે નોંધનીય છે કે ઓગસ્ટા વેસ્ટલેંડ હેલિકોપ્ટર સમજૂતિમાં ઈટાલીની એક અદાલતે હાલમાં જ મોટો ખુલાસો કર્યા બાદ ભારતમાં જોરદાર રાજકીય ગરમી છે. ઓગસ્ટા વેસ્ટલેન્ડમાં કોર્ટ એમ કહીને કોંગ્રેસની છાવણીમાં સોંપો પાડી દીધો છે કે કૌભાંડ થયું હતું અને લાંચ રૂશ્વત આપવામાં આવી હતી.

કોર્ટે કબૂલાત કરી હતી કે, આ ડીલમાં ભ્રષ્ટાચાર મોટાપ્રમાણમાં થયું છે. ઓગસ્ટા કંપનીએ ભારતમાં ૩૬૦૦ કરોડ રૂપિયામાં ૧૨ વીવીઆઈપી હેલિકોપ્ટરની સોદાબાજી કરી હતી. બીજી બાજુ આ ખુલાસા બાદ કેન્દ્ર સરકારે હવે રોમમાં ભારતીય દૂતાવાસ પાસેથી કોર્ટના ચુકાદા અંગે માહિતી માંગી છે. મળેલી માહિતી મુજબ ઈટાલીની અદાલતે ૨૨૫ પાનામાં પોતાનો ચુકાદો આપ્યો છે જેમાં ઘણી બધી બાબતોનો ઉલ્લેખ છે.

# ગુજરાત સ્થાપના દિવસની ભવ્ય ઉજવણી

### મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને રાજ્યપાલ ઓ.પી.કોહલીની હાજરીમાં રાજ્ય સ્તરના કાર્યક્રમની મુખ્ય ઉજવણી છોટાઉદેપુરમાં કરવામાં આવી : સાંસ્કૃતિક, ચિત્ર સ્પર્ધા સહિતના કાર્યક્રમો યોજાયા

અમદાવાદ, તા.૧

ગુજરાતના સ્થાપના દિવસની આજે પરંપરાગતરીતે ઉજવણી કરવામાં આવી હતી. જુદા જુદા કાર્યક્રમોનું આયોજન સવારથી જ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી



આનંદીબેન પટેલ પણ જુદા જુદા કાર્યક્રમોમાં વ્યસ્ત રહ્યા હતા. ગુજરાત ગૌરવ દિવસની રાજ્યસ્તરની ઉજવણી છોટા ઉદેપુરમાં કરવામાં આવી હતી જેમાં મુખ્યમંત્રી અને રાજ્યપાલ બંને ઉપસ્થિત રહ્યા હતા.

આજે રાજ્ય સ્થાપના દિવસે મુખ્યમંત્રી છોટાઉદેપુર નગરમાં રૂ. ૨૭ કરોડથી વધુ રકમના ખર્ચે સાકાર થનારા વિવિધ વિકાસ આયોજનોનું ખાતમૂહૂર્ત લોકોર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સવારના ૧૦.૦૦ વાગે મુખ્યમંત્રી ૧૩૩ લાખના ખર્ચે નિર્માણ પામનારી નગર સેવા સદનની સુવિધા સંપન્ન ઈમારતનું ખાતમૂહુર્ત અને ૧૧૩.૨૬ લાખના ખર્ચે નિર્માણ પામનારી નગર સેવા સદનની સુવિધા સંપન્ન ઈમારતનું ખાતમૂહુર્ત કર્યું હતું. ૧૧૩.૨૬ લાખના ખર્ચે નવજીવન પામેલા દરબાર હોલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આનંદીબેને ૭૩૬.૫૦ લાખના ખર્ચે બનાવવામાં આવેલી નર્સિંગ કોલેજના ભવનનું લોકાર્પણ કર્યું હતું.

આ ઉપરાંત જુદા જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિકાસ કાર્યોની પણ નોંધ લેવાઈ હતી. રાજ્યના તમામ જિલ્લા-તાલુકા મથકોએ અને મહાનગરોમાં ઉત્સાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય તહેવારો તથા ગુજરાત ગૌરવ દિનની રાજ્ય કક્ષાની ઉજવણી રાજ્યના અલગ અલગ જિલ્લા મથકે યોજવાનો રાજ્ય સરકારનો અભિગમ રહ્યો છે.








